–::શો–રૂમ/ઓફીસનો ઓનરશીપબેઈઝથી વેચાણ દસ્તાવેજ::–

સદરહું પ્રમોટર (વેચનાર)એ ગુજરાત રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન અને ડેવલપમેન્ટ) એકટ, ૨૦૧૬ ની જોગવાઈ હેઠળ સત્તાધિકારી ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી (રેરા) પાસે **PR/GJ/RAJKOT/RAJKOT/Others/.................** તા.......................... થી નોંધણી કરાવેલ છે.

ગુજરાત રાજયના,રજિસ્ટ્રેશન ડિસ્ટ્રિકટ રાજકોટના, સબ ડિસ્ટ્રીકટ રાજકોટના રાજકોટ શહેર (દક્ષિણ) તાલુકાના ગામ **મવડી–૩** ના રેવન્યુ **સર્વે નં.૪૧૨/પૈકી ૨ પૈકી ૧** તથા **૪૧૨/ પૈકી ૩ પૈકી ૧, ટી.પી. સ્કીમ નં.૨૬ (મવડી), એફ.પી. નં.૮૪/૧ તથા ૮૪/૨** ની બિનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનના પ્લોટસ પૈકી **સિંગલ યુનિટ–૪** ની જમીન **ચોરસ મીટર આ.૧૪૭૪.૫૬** તથા (**કોમન પ્લોટ**ની જમીન **ચોરસ મીટર આ.૨૨૨.૪૦ ના એફ.એસ.આઈ. સહિતના તમામ હકકો અને અધિકારો સહિત**) તથા **સિંગલ યુનિટ–૫** ની જમીન **ચોરસ મીટર આ.૧૨૦૦.૧૭** તથા (**કોમન પ્લોટ**ની જમીન **ચોરસ મીટર આ.૨૦૦.૦૦ ના એફ.એસ.આઈ. સહિતના તમામ હકકો અને અધિકારો સહિત**) ઉપર બાંધવામાં આવેલ **" THE CORPORATE WORLD "** ના નામથી ઓળખાતા વાણીજય હેતુ માટેના બિલ્ડીગમાં **............ ફલોર** ઉપર આવેલ **શો–રૂમ/ઓફીસ નં..........** જેનો **બિલ્ટઅપ એરીયા ચોરસ મીટર આ............... અને કારપેટ એરીયા ચોરસ મીટર આ............ તથા લાગુ ટેરેસ જેનો કારપેટ એરીયા ચોરસ મીટર આ.................. છે.**તેનો ઓનરશીપ બેઈઝથી વેચાણ દસ્તાવેજ.

....

રાજકોટ મહાનગરપાલીકાના બાંધકામ પરવાનગી નં.૦૮૪ તા.૦૧/૦૮/૨૦૨૩

....

વેચાણ કિંમત રૂા................. અંકે રૂપીયા .... પુરા

....

(૧) શ્રી ....,   (PAN –   )

હિન્દુ,ઉ.વ.આ.......,વ્યવસાય :– ....,

(૨) શ્રી ....,   (PAN –   )

હિન્દુ,ઉ.વ.આ.......,વ્યવસાય :– ....,

રહે બન્નેઃ– ....

....   **–:: લખાવી લેનાર**

–:: શો–રૂમ/ઓફીસ ખરીદનાર

<u>જોગ લખી આપનાર ::–</u>

શ્રી કોર્પોરેટ એન્ટરપ્રાઈઝના નામથી ચાલતી ભાગીદારી પેઢી (PAN – AEYFS 0855 B) તેની રજીસ્ટર્ડ ઓફીસનું સરનામું :– ૫ કોર્પોરેટ વર્લ્ડ,સુવર્ણભૂમિ સર્કલ,૮૦ ફીટ રોડ,રાજકોટ ના ભાગીદારો

(૧) મોહિત હંસરાજભાઈ પીપળીયા,

હિન્દુ,ઉ.વ.આ.૩૮,વ્યવસાય :– વેપાર/ખેતી,

રહે.મોહન વિલા,૪–ચિત્રકુટધામ,અમીન માર્ગ,રાજકોટ.

(૨) દિશાંત છગનલાલ સાકરિયા,

હિન્દુ,ઉ.વ.આ.૨૮,વ્યવસાય :– વેપાર/ખેતી,

રહે." આઈ શ્રી ખોડીયાર ",પ્લોટ નં.૨૬,રોયલ એવન્યુ શેરી નં.૧,સિલ્વર હાઈટસ સામે,નાનામવા રોડ,રાજકોટ.

(૩) રસેશ દેવજીભાઈ પટેલ,

હિન્દુ,ઉ.વ.આ.૫૧,વ્યવસાય :– વેપાર/ખેતી,

રહે." બંસીધર ",૨ જયોતિનગર સોસાયટી,કાલાવડ રોડ,રાજકોટ.

(૪) દિનેશભાઈ ગોવિંદભાઈ પીપળીયા,

હિન્દુ,ઉ.વ.આ.૪૯,વ્યવસાય :– વેપાર/ખેતી,

રહે.સાકેત પાર્ક ૨ શેરી નં.૨,સત્યમ પાર્ટી પ્લોટની સામે,નાનામવા સર્કલ પાસે,નાનામવા રોડ, રાજકોટ.

(૫) ધવલ મહેશભાઈ પીપળીયા,

હિન્દુ,ઉં.વ.આ.૩૩,વ્યવસાય :– વેપાર/ખેતી,

રહે." ઉત્તમ ",પ્લોટ નં.૧૪/૭ શ્રી રાજ રેસિડેન્સી શેરી નં.૨,નાનામવા રોડ,રાજશૃંગાર પાર્ટી પ્લોટ પાછળ,રાજકોટ.

(૬) પ્રીતેશ હરેશભાઈ પટેલ,

હિન્દુ,ઉં.વ.આ.૩૭,વ્યવસાય :– વેપાર/ખેતી,

રહે." ઉત્તમ ",તાપસપાર્ક–૧,એસબીઆઈ બેંક પાસે,નાનામવા રોડ,રાજકોટ.

(૭) મૌલિક રસિકભાઈ ભાલોડીયા,

હિન્દુ,ઉં.વ.આ.૩૦,વ્યવસાય :– વેપાર/ખેતી,

રહે." શાશ્વત ",રોયલ એવન્યુ સોસાયટી–૧,સિલ્વર હાઈટસ સામે,નાનામવા મેઈન રોડ, રાજકોટ.

નં........ અધીકૃત વહીવટકર્તા ભાગીદાર દરજજે તથા અન્ય ભાગીદારો વતી

–:: લખી આપનાર

–:: શો–રૂમ/ઓફીસ વેચનાર

<u>જત તમો જોગ આ વેચાણ દસ્તાવેજ લખી આપી બંધાઈએ છીએ કે :–</u>

(૧) ગુજરાત રાજયના,રજિસ્ટ્રેશન ડિસ્ટ્રિકટ રાજકોટના, સબ ડિસ્ટ્રીકટ રાજકોટના રાજકોટ શહેર (દક્ષિણ) તાલુકાના ગામ **મવડી–૩** ના રેવન્યુ **સર્વે નં.૪૧૨/પૈકી ૨ પૈકી ૧** <u>તથા</u> **૪૧૨/ પૈકી ૩ પૈકી ૧, ટી.પી. સ્કીમ નં.૨૬ (મવડી), એફ.પી. નં.૮૪/૧ તથા ૮૪/૨** ની બિનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનના પ્લોટસ પૈકી **સિંગલ યુનિટ–૪** ની જમીન **ચોરસ મીટર આ.૧૪૭૪.૫૬** <u>તથા</u> (**કોમન પ્લોટ**ની જમીન **ચોરસ મીટર આ.૨૨૨.૪૦ ના એફ.એસ.આઈ. સહિતના તમામ હકકો અને અધિકારો સહિત**) <u>તથા</u> **સિંગલ યુનિટ–૫** ની જમીન **ચોરસ મીટર આ.૧૨૦૦.૧૭** <u>તથા</u> (**કોમન પ્લોટ**ની જમીન **ચોરસ મીટર આ.૨૦૦.૦૦ ના એફ.એસ.આઈ. સહિતના તમામ હકકો અને અધિકારો સહિત**) (તથા રાજકોટ મહાનગરપાલિકાએ આપેલ બાંધકામ પરવાનગી નં.૨૧૭ તા.૨૨/૧૧/૨૦૨૨ ના તમામ હક્કો અને અધિકારો સહિત) શ્રી કોર્પોરેટ એન્ટરપ્રાઈઝના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારો મોહિત હંસરાજભાઈ પીપળીયા વિગેરે જોગ હોમલેન્ડ ઈન્ફ્રાસ્ટ્રકચરના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારો છગનભાઈ મોહનભાઈ કાકડીયા વિગેરેએ કરી આપેલ વેચાણ દસ્તાવેજ અ.નં.૩૨૦૦ તા.૧૬/૦૩/૨૦૨૩ થી ખરીદ કરેલ છે.

ત્યાર બાદ ઉપરોકત જમીન ઉપર વાણીજય હેતુ માટેના બિલ્ડીંગનું બાંધકામ કરવા માટે રાજકોટ મહાનગરપાલીકાના બાંધકામ પરવાનગી નં.૦૮૪ તા.૦૧/૦૮/૨૦૨૩ થી થયેલ મંજુર થયેલ બિલ્ડીંગ પ્લાન મુજબ (૧) બેઝમેન્ટ–૨ માં કવર્ડ પાર્કિંગ,ત્રણ સીડી,લીફટ તથા રેમ્પ, (૨) બેઝમેન્ટ–૧ માં કવર્ડ પાર્કિંગ,ત્રણ સીડી,લીફટ વેલ,લીફટ તથા રેમ્પ, (૩) ગ્રાઉન્ડ ફલોર ઉપર

એકવીસ શો–રૂમ વીથ એટેચ W.C.,હેન્ડીકેપ ટોયલેટ,મેલ ટોયલેટ બ્લોક (ચાર W.C.),ફીમેલ ટોયલેટ બ્લોક (ચાર W.C.),સીડી,ચાર લીફટ,ફાયર લીફટ તથા પેસેજ (૪) ફર્સ્ટ ફલોર ઉપર ચૌદ શો–રૂમ વીથ એટેચ W.C., સીડી,ચાર લીફટ,ફાયર લીફટ,બે પેસેજ તથા ઓપન ટેરેસ, (૫) સેકન્ડ ફલોર ઉપર ચૌદ શો–રૂમ વીથ એટેચ W.C.,સીડી,ચાર લીફટ,ફાયર લીફટ તથા બે પેસેજ, (૬) થર્ડ ફલોર ઉપર તેર ઓફીસ વીથ એટેચ W.C., એક ઓફીસ વીથ એટેચ ટોયલેટ,અગીયાર ઓફીસ વીથ એટેચ W.C. તથા વીથ ઓપન ટેરેસ,બે સીડી,ત્રણ લીફટ,ફાયર લીફટ તથા પેસેજ, (૭) ફોર્થ ફલોર ઉપર પચ્ચીસ ઓફીસ વીથ એટેચ W.C.,એક ઓફીસ વીથ એટેચ ટોયલેટ,સીડી,ત્રણ લીફટ,ફાયર લીફટ તથા પેસેજ, (૮) ફીફથ ફલોર ઉપર પચ્ચીસ ઓફીસ વીથ એટેચ W.C.,એક ઓફીસ વીથ એટેચ ટોયલેટ,સીડી,ત્રણ લીફટ,ફાયર લીફટ તથા પેસેજ, (૯) સિકસ્થ ફલોર ઉપર પચ્ચીસ ઓફીસ વીથ એટેચ W.C.,એક ઓફીસ વીથ એટેચ ટોયલેટ,સીડી,ત્રણ લીફટ,ફાયર લીફટ તથા પેસેજ, (૧૦) સેવન્થ ફલોર ઉપર પચ્ચીસ ઓફીસ વીથ એટેચ W.C.,એક ઓફીસ વીથ એટેચ ટોયલેટ, સીડી,ત્રણ લીફટ,ફાયર લીફટ તથા પેસેજ તથા (૧૧) ટેરેસ ફલોર ઉપર ત્રણ લીફટ,ફાયર લીફટ તથા પેસેજ એમ કુલ ૪૯ શો–રૂમ તથા ૧૨૯ ઓફીસ મળી કુલ ૧૭૮ યુનીટસનું અમારી ભાગીદારી પેઢીએ બાંધકામ કરેલ છે.સદરહું આ વાણીજય હેતુ માટેના બિલ્ડીંગને અમારી ભાગીદારી પેઢીએ " **THE CORPORATE WORLD** " નામ આપેલ છે. સદરહું " **THE CORPORATE WORLD** " ના નામથી ઓળખાતા વાણીજય હેતુ માટેના બિલ્ડીંગનું સંપુર્ણ વર્ણન તથા ચર્તુઃસિમા **શેડયુલ–" એ "** માં તેમજ તમોને વેચાણ આપેલ **શો–રૂમ/ઓફીસ**નું વર્ણન **શેડયુલ–" બી "** માં તેમજ સામાન્ય સુવિધાઓનું વર્ણન **શેડયુલ– " સી "** બતાવવામાં આવેલ છે.આમ આ મિલ્કત **શ્રી કોર્પોરેટ એન્ટરપ્રાઈઝ**ના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારો મોહિત હંસરાજભાઈ પીપળીયા વિગેરેન કબજા,ભોગવટા અને માલીકીની આવેલ છે અને તેનુ વેચાણ,વહીવટ અને વ્યવસ્થા કરવાનો અમોને સંપુર્ણ હકક અને અધીકાર છે.

(૨) સદરહુ " **THE CORPORATE WORLD** " ના નામથી ઓળખાતા વાણીજય હેતુ માટેના બિલ્ડીંગમાં .... **ફલોર** ઉપર આવેલ **શો–રૂમ/ઓફીસ નં..........** જેનો **બિલ્ટઅપ એરીયા ચોરસ મીટર આ.............. અને કારપેટ એરીયા ચોરસ મીટર આ............ તથા લાગુ ટેરેસ જેનો કારપેટ એરીયા ચોરસ મીટર આ................. છે**.તે હાલ જે સ્થિતીમાં છે તે સ્થિતીમાં આજરોજ તમોને **રૂા................. અંકે રૂપીયા .... પુરા**નો અવેજ નીચેની વિગતે સ્વિકારી તમોને વેચાણ આપેલ છે.તમોને વેચાણ આપેલ **શો–રૂમ/ઓફીસ**નું વર્ણન અને સ્વતંત્ર રીતે ભોગવવાના ભાગનું તથા ચર્તુઃસીમાઓનું વર્ણન આ દસ્તાવેજના શેડયુલ–" બી " માં આપેલ છે.(તમોને વેચાણ આપેલ **શો–રૂમ/ઓફીસ**ને હવે પછી આ દસ્તાવેજમાં સદરહુ **શો–રૂમ/ઓફીસ** તરીકે ઓળખાવામાં આવેલ છે).

(૩) સદરહુ " **THE CORPORATE WORLD** " ના નામથી ઓળખાતા વાણીજય હેતુ માટેના બિલ્ડીંગના બાંધકામના રાજકોટ મ્યુનીસીપલ કોર્પોરેશનએ મંજુર કરેલ બિલ્ડીંગ પ્લાન, બાંધકામ પરવાનગી,આરંભ પ્રમાણપત્ર વિગેરે અસલ કાગળોનું તમોએ ઈન્સ્પેકશન કરેલ છે અને જોયા છે તેમજ તે મુજબની **શો–રૂમ/ઓફીસ**ની સીચ્યુએશન લંબાઈ,પહોળાઈ,માપ સાઈઝ દિશા વિગેરેનું તમો વેચાણ રાખનારે જાતે પ્રત્યક્ષ ઈન્સપેકશન કરી જોઈ તપાસી ચોકસાઈ કરીને તેનો કબજો,ભોગવટો સંભાળેલ છે.તેથી **શો–રૂમ/ઓફીસ**ની માપ સાઈઝ,ડીઝાઈન, હદહદુદ,એરીયા તથા બાંધકામ અંગે તમો **શો–રૂમ/ઓફીસ** ખરીદનારાએ કશો વાંધો તકરાર રહેતો નથી અને ભવિષ્યમાં ઉઠાવવાના નથી.

(૪) સદરહુ **શો–રૂમ/ઓફીસ**ના અંદરના ભાગ પુરતો અબાધિત કબજો તમારો રહેશે અને તેમાં તમારા સિવાય અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હકક,હિત,હિસ્સો કે લાગભાગ નથી.સદરહું **શો–રૂમ/ઓફીસ**નો ઉપયોગ,ઉપભોગ,ભોગવટો તમો બીજા કોઈની પણ દખલ વગર સ્વતંત્ર રીતે કરવા હકકદાર છો.

(૫) સદરહુ **શો–રૂમ/ઓફીસ**ના એરીયા સિવાય તમો સમગ્ર બીલ્ડીંગના અન્ય ભાગો જેવા કે કોમન પેસેજ દાદરો,(સ્ટેરકેશ) કોમન પાર્કિંગ પ્લેસ,કોમન વોટર ટેન્ક વિગેરે સહીયારી સુવિધાઓ છે તેનું વર્ણન આ દસ્તાવેજમાં શેડયુલ–" સી "માં કરવામાં આવેલ છે.

(૬) સદરહુ **શો–રૂમ/ઓફીસ**ના અંદરના ભાગમાં તમો તમારી ઈચ્છા મુજબ રંગરોગાન વ્હાઈટ વોશ તમારા ખર્ચે કરાવી શકશો.તેમજ તમારા કારપેટ એરીયાવાળા ભાગમાં તમારી ઈચ્છા મુજબ ફર્નીચર કે નાના મોટા ફેરફાર કરાવી શકશો પરંતુ સમગ્ર બીલ્ડીંગને અસર કે નુકશાન થાય તેવો કોઈ ફેરફાર સદરહુ બીલ્ડીંગના સ્ટ્રકચરલ (પોસ્ટટેન્સન),બહારના એલીવેશન,ડીઝાઈન તથા મંજુર થયેલ બિલ્ડીંગ પ્લાન કે તેની વિરૂધ્ધ કે મંજુર કરેલ પ્લાનથી અને બાંધકામની મંજુરીથી વિરૂધ્ધ કોઈપણ ફેરફાર કરી શકશો નહીં.

(૭) સદરહુ **શો–રૂમ/ઓફીસ** તમોને માલીકી ધોરણે (ઓનરશીપ બેઈઝથી) વેચાણ આપેલ છે અને વેચાણ કિંમતનો ચુકતે અવેજ સંભાળી લઈ તેનો શાંત,ખાલી,નિર્ભય,નિર્મળ અને પ્રત્યક્ષ કબજો તમોને આજરોજ સોંપી આપેલ છે.અને તમોએ સંભાળી લીધેલ છે.જે હકિકતે તમો સદરહુ **શો–રૂમ/ઓફીસ**ના સુવાંગ અને સ્વતંત્ર માલીક બનો છો અને તે તમો પુત્ર,પૌત્રાદિક, લીલાવંશ,વારસો પરંપરા યાવતચંદ્ર દિવાકરો સુખેથી ભોગવજો,વસજો,વસાવજો અને તમારુ દિલ ચાહે તે રીતે તેનો ઉપયોગ,ઉપભોગ,ભોગવટો કરજો.સદરહુ **શો–રૂમ/ઓફીસ** અન્યને વેચાણ ગીરો ટ્રાન્સફર કે એસાઈન કે અન્ય રીતે તમોને યોગ્ય લાગે તે રીતે ગુજરાત ઓનરશીપ ફલેટ એકટ, ૧૯૭૩ ની જોગવાઈ મુજબ પ્રવર્તમાન સોસાયટી કે એસોસીએશનના બાયલોઝને આધિન રહીને વ્યવસ્થા કરવા હકકદાર છો.

(૮) સદરહુ " **THE CORPORATE WORLD** " ના નામથી ઓળખાતા વાણીજય હેતુ માટેનું બિલ્ડીંગ જે જમીન ઉપર આવેલ છે પરંતુ તમોને જે ફલોર ઉપર અને જે જગ્યાએ જેટલા

બિલ્ટઅપ એરીયાની **શો–રૂમ/ઓફીસ** વેચાણ કરવામાં આવેલ છે.તે ફલોર અને તે જગ્યાએ તેટલા એરીયા પુરતુ તમારુ લીયન છે.જે હકિકતે તમોને વેચાણ આપેલ બિલ્ટઅપ એરીયા સિવાયની સહીયારી જગ્યા તથા સહીયારી સુવિધાઓ તમારા સીવાયના અન્ય સહહિસ્સેદારો કબજેદારોની સહ માલીકીની છે.જે હકિકતે ભવિષ્યમાં કોઈપણ સંજોગો જેવા કે કુદરતી આફત ધરતીકંપ,વાવાઝોડુ,ફલડ વિગેરેના કારણે **" THE CORPORATE WORLD "** ના નામથી ઓળખાતા વાણીજય હેતુ માટેનું બિલ્ડીંગ પડી જાય તો આ બીલ્ડીંગમાં આવેલ અન્ય ઓનર્સ સાથે મળી પ્રવર્તમાન કાયદાની જોગવાઈ મુજબ સ્થાનિક સત્તાવાળાઓની પુર્વમંજુરીને આધિન રહીને નવું બીલ્ડીંગ તમો વરાડે પડતાં ખર્ચે બાંધી શકશો અને આ દસ્તાવેજ અન્વયે તમોને હાલ જે ફલોર ઉપર જે જગ્યાએ જેટલા બિલ્ટઅપ એરીયાની **શો–રૂમ/ઓફીસ** મળેલ છે.તે જ ફલોર ઉપર અને તે જ જગ્યાએ તેટલા જ બિલ્ટઅપ એરીયાની **શો–રૂમ/ઓફીસ**નો માલીકી હકક તમો કલેઈમ કરી શકશો. અને જેટલા સુખાધિકારના હકકો અને અધિકારો પ્રાપ્ત થયા છે તેવા જ અને તેટલા જ અધિકારો મેળવવા તમો હકકદાર રહેશો.

(૯) સદરહુ **" THE CORPORATE WORLD "** ના નામથી ઓળખાતા વાણીજય હેતુ માટેના બિલ્ડીંગ ઉપર કે તમોને વેચાણ આપેલ **શો–રૂમ/ઓફીસ** ઉપર નામદાર સરકારશ્રીનું કે સરકારી કે અર્ધસરકારી કે સહકારી કે શરાફી સંસ્થાનું કે અન્ય વ્યકિતનું કે પેઢીનું કે કોઈનું કોઈપણ પ્રકારનું લેણું કે ગીરોની રૂએ કે અન્ય રીતે કરજ કે બોજો નથી કે કોઈની જામીનગીરી સ્વીકારેલ નથી અને તમોને વેચાણ આપેલ **શો–રૂમ/ઓફીસ** અમારી સંપુર્ણ માલીકી હકકની છે.તેમાં અમારા સિવાય બીજા કોઈનો કોઈપણ પ્રકારનો હકક,હિત,હિસ્સો કે લાગભાગ નથી અને અમોને વેચાણ કરવાનો સંપુર્ણ હકક અને અધિકાર છે.તેવો તમોને સંપુર્ણ વચન,વિશ્વાસ અને ખાત્રી આપીને જ વેચાણ કિંમતનો પુરેપુરો અવેજ નીચેની વિગતે સંભાળી લઈ સર્વે પ્રકારના બોજારહીત તમોને સદરહુ **શો–રૂમ/ઓફીસ** વેચાણ આપેલ છે.

રૂા. પૈસા	વિગત
....	
....	**અંકે રૂપીયા .... પુરા**નો ચુકતે અવેજ ઉપરની વિગતે અમોને તમારા પાસેથી મળી ગયેલ છે.અમો આથી તેની પહોંચ સ્વીકારીએ છીએ તેના અવેજ સબંધે કોઈ વાંધો તકરાર રહેતો નથી.

(૧૦) સદરહુ **શો–રૂમ/ઓફીસ**નો શાંત,ખાલી,નિર્ભય,નિર્મળ,કબજો તમોને આજરોજ સોંપી આપેલ છે.જે હકિકતે સદરહું **શો–રૂમ/ઓફીસ** સીટી સર્વે ઓફીસ કે સરકારી કચેરીમાં કે મ્યુનીસીપલ કોર્પોરેશનમાં કે રેવન્યુ દફતરમાં તમો તમારા નામે તમારા ખર્ચે ટ્રાન્સફર કરાવી લેશો તેમાં અમારે અમારી સહીઓ કરી આપવી છે.તેમજ સદરહુ **" THE CORPORATE WORLD "** ના નામથી ઓળખાતા વાણીજય હેતુ માટેના બિલ્ડીંગની મિલ્કતને લગતાં તમામ વેરાઓ જેવા કે હાઉસ ટેકસ,શિક્ષણ ઉપકર,સફાઈ કર,મહેસુલ કર,બીનખેતીનો આકાર વિગેરે

મકાન વપરાશ અંગેનું પ્રમાણપત્ર આવ્યા તારીખ/કબજો સોંપ્યા તારીખ (બન્નેમાંથી જે વહેલું હોય તે) સુધીના અમોએ ભરી આપવાના છે. ત્યારપછીના આવા સદરહુ **શો–રૂમ/ઓફીસ**ને લગતા તમામ વેરાઓ તમો વેચાણ રાખનારે ભરવાના છે.તે અંગે અમારી કોઈ જવાબદારી રહેશે નહીં.

(૧૧) સદરહું " **THE CORPORATE WORLD** " ના નામથી ઓળખાતા વાણીજય હેતુ માટેના બિલ્ડીંગમાં તમોને વેચાણ આપેલ **શો–રૂમ/ઓફીસ** ઉપરાંત બાકીના **શો–રૂમ/ઓફીસ**નું પણ માલીકીના ધોરણે વેચાણ કરવામાં આવેલ છે.અથવા આવનાર છે. એટલે તમો બીલ્ડીંગ કે તેના કોઈપણ ભાગને નુકશાન થાય તેવું કોઈ કૃત્ય કરી શકશો નહી કે તમારી આજુબાજુના કે ઉપર નીચેવાળાના શાંત,કબજા ભોગવટાને નુકશાન પહોંચે તેવું કોઈ કૃત્ય કરી શકશો નહી કે સામાન્ય સુખાધિકારના કે આરોગ્યને નુકશાન પહોંચે તેવું કોઈપણ કૃત્ય કે અન્યને ન્યુસન્સ થાય તેવું કૃત્ય કરી શકશો નહી.

(૧૨) સદરહુ " **THE CORPORATE WORLD** " ના નામથી ઓળખાતા વાણીજય હેતુ માટેના બિલ્ડીંગમાં આવેલ **શો–રૂમ/ઓફીસ**ની માલીકી જે તે **શો–રૂમ/ઓફીસ** ખરીદનારની પોતાની રહેશે એટલે કે તમોએ ખરીદ કરેલ **શો–રૂમ/ઓફીસ**નો માલીકી હકક તમારો રહેશે પરંતુ સહીયારી સુવિધાઓ ભોગવવા માટે " **THE CORPORATE WORLD ઓનર્સ એસોસીએશન/સર્વીસ સોસાયટી** "ના સભ્ય તરીકે જોડાવાનું આ વેચાણ દસ્તાવેજની પુર્વશરત તરીકે ફરજીયાત છે તે ખરીદનારે કબુલ કર્યુ છે અને તેની રચના કરવાની,તેનું બંધારણ ઘડવાની,હાદેદારોની નિમણુંક કરવાની તથા ગુજરાત ઓનરશીપ ફલેટસ એકટ, ૧૯૭૩ તથા સોસાયટીના રજીસ્ટર્ડ એ.ઓ.પી. તથા અન્ય આનુસંગિક કાયદાઓ તથા આવી ઈમારતને લાગુ થતા અન્ય કાયદાઓ મુજબ જે કાંઈ વ્યવસ્થા કરવાની થાય તે તમામ સહમાલીકો/ખરીદનારાઓની અંગત રીતે અને સહીયારી જવાબદારી રહેશે અને તેવી રચના માટે જયાં જયાં સહીની જરૂર પડે ત્યાં ત્યાં ખરીદનારએ સહીઓ કરી આપવાની છે અને ખરીદનારએ ગુજરાત ઓનરશીપ ફલેટસ એકટ, ૧૯૭૩ ની જોગવાઈઓ હેઠળની શરતો તથા જવાબદારીઓનું પાલન કરવાનું રહેશે.

(૧૩) સદરહુ લખાવી લેનારએ સદરહુ " **THE CORPORATE WORLD** " ના નામથી ઓળખાતા વાણીજય હેતુ માટેના બિલ્ડીંગમાં આવેલ સામુહિક ક્ષેત્રો અને સહીયારી સુવિધા અંગેનાં ખર્ચાઓ જેવાં કે બીલ્ડીંગની સલામતી,રક્ષણ,સફાઈ,વોચમેન પગાર,પાણી ખર્ચ,લીફટ તથા જનરેટર ખર્ચ,કોમન ઈલેકટ્રીક ખર્ચ તથા બીલ્ડીંગ મેઈન્ટેનન્સ ખર્ચ તથા તેને આનુસાંગિક તમામ મેઈન્ટેનન્સ ખર્ચનો વરાડે થતી રકમ લખાવી લેનારએ ભોગવવાની છે. " **THE CORPORATE WORLD ઓનર્સ એસોસીએશન/સર્વીસ સોસાયટી** "ને સદરહુ ડીપોઝીટના વ્યાજમાંથી મેઈન્ટેનન્સ ખર્ચ કરવાનો છે.ભવિષ્યમાં વ્યાજની આવક કરતાં મેઈન્ટેનન્સ ખર્ચની રકમમાં વધારો થાય તો જે તે સમયે **શો–રૂમ/ઓફીસ** હોલ્ડર્સ/એસોસીએશન/સર્વીસ સોસાયટી નકકી કરે તે મુજબ વધારાની ડીપોઝીટ અથવા વરાડે થતો ખર્ચ આપવાનો રહેશે આ અંગે કોઈપણ યુનીટ હોલ્ડરે વાંધો લેવાનો રહેતો નથી.જેની સ્પષ્ટ સમજણ

આપી આ દસ્તાવેજ કરેલ છે.અમો લખી આપનારની માલીકીની એટલે કે વેચાણ ન થયેલ શો–રૂમ/ઓફીસનો મેઈન્ટેનન્સ ખર્ચ,ચાર્જીસ તથા તેને આનુસંગિક ખર્ચની રકમ લખી આપનાર પાસેથી જયાં સુધી સદરહુ શો–રૂમ/ ઓફીસનું વેચાણ ન થાય ત્યાં સુધી વસુલ કરવાની નથી તેવી લખાવી લેનાર આથી બાંહેધરી તથા સંમતી આપે છે.

(૧૪) સદરહુ એસોસીએશન સોસાયટીમાં એક વ્યકિત મેનેજર/સેક્રેટરી તરીકે કામ કરશે.આ મેનેજર/સેક્રેટરી બીલ્ડીંગ કે બીલ્ડીંગને લગતી કોઈપણ બાબતમાં કે સહીયારી સુવિધાઓની બાબતમાં કે બીજા કોઈપણને થતી તકલીફ અંગે તમોને વખતો વખત જે સુચના આપે તેનું તમારે પાલન કરવાનું રહેશે.

(૧૫) સદરહુ તમારી એકસકલુઝીવ પઝેશનની જગ્યા અંગે એટલે કે તમારા કબજા ભોગવટા ની **શો–રૂમ/ઓફીસ** બાબત સરકારશ્રી તરફથી કે મ્યુ. કોર્પોરેશન તરફથી વખતો વખત જે કાંઈપણ વેરાઓ આકારવામાં આવે તેવા વેરા ટેકસીઝની રકમ ભરવાની આજની તારીખથી તમામ જવાબદારી તમારી પોતાની રહેશે અને આવા વેરાની રકમ તમારે ભરવાની રહેશે.

(૧૬) સદરહુ તમારા **શો–રૂમ/ઓફીસ**ના એરીયાવાળા કબજાની અંદર તથા તેની દિવાલમાં બહારના ભાગે વખતો વખત જે કાંઈ રીપેરીંગ કરાવવાની જરૂર પડે તે તમારે તમારા પોતાના અંગત ખર્ચે કરાવવાનું રહેશે.અનડીવાઈડેડ સહીયારા ક્ષેત્રમાં કોમન એરીયામાં જે રીપેરીંગ કરાવવાનું જરૂરી બને તે બધાના વતી એસોસીએશન કરાવશે.અને તેવા ખર્ચમાં તમારે વરાડે પડતો હિસ્સો આપવાનો છે.

(૧૭) આ વેચાણ દસ્તાવેજથી તમો ખરીદનારએ **" THE CORPORATE WORLD "** ના નામથી ઓળખાતા વાણીજય હેતુ માટેના બિલ્ડીંગમાં વેચાણ આપેલ **શો–રૂમ/ઓફીસ**નો તમો ખરીદનારએ શાંતીપુર્વક અને કાયદેસરનો ફકત વ્યાપારી કે પ્રોફેશનલ હેતુ માટે ઉપયોગ કરવાનો છે.

(૧૮) સદરહુ બીલ્ડીંગનું નામ અમારી ભાગીદારી પેઢીએ **" THE CORPORATE WORLD "** રાખેલ છે તે નામમાં તમો કયારેય કોઈપણ પ્રકારનો ફેરફાર કરી શકશો નહીં કે બદલી શકશો નહીં.

(૧૯) આ વેચાણ દસ્તાવેજને આનુસંગિક બીજી બાબતો અને શરતો નીચે મુજબ છે.
(૧૯.૧) સદરહુ **" THE CORPORATE WORLD "** ના નામથી ઓળખાતા વાણીજય હેતુ માટેના બિલ્ડીંગની ટોપ ફલોરની અગાસી શો–રૂમ/ઓફીસ ઓનર્સની જ સુવિધા ગણવાની છે.તેમાં તમારો વ્યકિતગત હકક,હિત,હિસ્સો,લાગભાગ નથી,તેનો ફકત શો–રૂમ/ઓફીસ ઓનર્સ સહીયારી રીતે અગાશીનો ઉપયોગ,ઉપભોગ,ભોગવટો કરવાની પરવાનગી તમોને આપેલ છે.

(૧૯.૨) સદરહું " **THE CORPORATE WORLD** " ના નામથી ઓળખાતા વાણીજય હેતુ માટેના બિલ્ડીંગમાં આવેલ **શો–રૂમ/ઓફીસ** ઓનર્સના પાણી પુરવઠા અને સહીયારી જગ્યાનો વીજળી પુરવઠો અને બીજી જરૂરી સેવાઓની વ્યવસ્થા કરવાની સંભાળ એસોસીએશન લેશે પરંતુ તમારી જગ્યાની અંદર આવેલ ઈલેક્ટ્રીક કનેકશન અમારા નામનું છે.જે અમોએ તમારા વતી પી.જી.વી.સી.એલ.માંથી ઈલેક્ટ્રીક કનેકશન મેળવી આપેલ છે.જે તમારે આજથી દિવસ–૩૦ (ત્રીસ)માં તમારે નામે ટ્રાન્સફર કરાવી લેવાનુ છે તેવી સ્પષ્ટ સમજણ સાથે તમોએ આ મિલ્કત વેચાણ રાખેલ છે તેમ કરવામા કસુર કરશો તો અમો સદરહુ ઈલેક્ટ્રીક કનેકશન પી.જી.વી.સી.એલ.ને પરત સોંપી અમારે આજની તારીખથી ભરવા પડેલ ડયુઝ,લાઈટબીલ તમારી પાસેથી તે અંગે કરેલ તમામ ખર્ચ સાથે વસુલ કરી શકીશુ જેની તમો આથી વચન, વિશ્વાસ અને ખાત્રી આપો છો. તેના વપરાશ બદલની ચાર્જીસની રકમ તમારે દરેકે વ્યકિતગત ભરવાની છે.

(૧૯.૩) સદરહુ " **THE CORPORATE WORLD** " ના નામથી ઓળખાતા વાણીજય હેતુ માટેના બિલ્ડીંગમાં ઈલેક્ટ્રીક લાઈન,પાણી પુરવઠા માટેની લાઈન,પાણીના નિકાલની લાઈન પણ આવેલ છે.અને આવી કોમન લાઈનો જે તે **શો–રૂમ/ઓફીસ**માંથી પસાર થાય છે. અને તેમાં જે તે **શો–રૂમ/ઓફીસ** ઓનર્સ/કબજેદારે અટકાયત કરવાની નથી.તેમજ તેવી લાઈન વિગેરેના રીપેરીંગમાં જરૂર પડયે તમામ જાતની સગવડ સુવિધા કરી આપવાની છે.અને આ સહીયારી સુવિધાઓમાં તમારે કોઈ અટકાયત અવરોધ કરવાનો નથી કે મિલ્કતને નુકશાન કે કોમન લાઈનને અવરોધ થાય તેવું કોઈ કૃત્ય કે બાંધકામ કરવાનું નથી.

(૧૯.૪) સદરહુ " **THE CORPORATE WORLD** " ના નામથી ઓળખાતા વાણીજય હેતુ માટેના બિલ્ડીગમાં આવેલ યુનીટસ પૈકી તમોને વેચાણ આપેલ યુનીટના બાજુના યુનીટને નુકશાન ન થાય તેવી રીતે વ્યવસાયો થઈ શકશે અને પાર્કીંગ પ્લેસમાં બીલ્ડરએ ફાળવેલ જગ્યા સિવાયની જગ્યામાં અડચણ ન થાય તે રીતે વહેલા તે પહેલાના ધોરણે પાર્કીંગ કરી શકશો તેમજ આ બિલ્ડીંગમાં વપરાશ કરતા અન્ય હોલ્ડરોને ન્યુસન્સ કે એનોયન્સ થાય તે રીતે હોલ્ડરોએ વર્તવાનું નથી કે ઘોંઘાટ કે ગંદકી કરવાની નથી કે કોઈની લાગણી દુભાય, કે માનસીક ત્રાસ થાય તે રીતે વર્તન કરવાનું નથી,તેમજ આ બિલ્ડીંગની ઈમારતની દિવાલોના જાહેરાતના હેતુ માટે ઉપયોગ કરવાનો નથી.તથા સમગ્ર બિલ્ડીંગના એલીવેશનમાં કોઈપણ પ્રકારના જાહેરાતના બોર્ડ કે એ.સી.ના યુનીટ વિગેરે ચીજ વસ્તુઓ રાખવા દેવામાં આવશે નહી તથા એલીવેશનમાં કોઈપણ પ્રકારનો ફેરફાર કરવાનો નથી.

(૧૯.૫) આ દસ્તાવેજના પેરેગ્રાફમાં સ્પષ્ટ રીતે નિર્દિષ્ઠ કર્યા ન હોય તેવા કોઈપણ અધિકારો અને ફરજ રાઈટસ એન્ડ ઓબ્લીગેશનની બાબતમાં ગુજરાત ઓનરશીપ ફલેટ એકટ, ૧૯૭૩ ની જોગવાઈઓ લાગુ પડશે. અને તે વખતે જે કાંઈ બાબતો કે પ્રશ્નો ઉભા થાય તો તેનું તે મુજબ નિરાકરણ અને અમલ કરવાનો રહેશે.

(૧૯.૬) સદરહુ તમોને વેચાણ આપેલ **શો–રૂમ/ઓફીસ**ની માલીકી અંગેના સઘળા ટાઈટલ ડીડસ કલીયર છે અને માલીકી હકક અંગેના સઘળા ટાઈટલ ડીડસ (લેખ દસ્તાવેજો) તમોને બતાવેલ છે અને તમોએ તેનું ઈન્સપેકશન કરી વેરીફાઈડ કરેલ છે અને તમોને ટાઈટલ ડીડસ કલીયરની ખાત્રી થયેલ છે.સદરહુ આ તમોને વેચાણ આપેલ **શો–રૂમ/ઓફીસ**વાળા નીચે મુજબના તમામ ટાઈટલ ડીડસની ઝેરોક્ષ નકલ આજરોજ અમોએ તમોને સોંપી આપેલ છે. ટાઈટલ ડીડસ અંગેનો તમારે કોઈ વાંધો તકરાર રહેતો નથી.

(૧) શ્રી કોર્પોરેટ એન્ટરપ્રાઈઝના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારો મોહિત હંસરાજભાઈ પીપળીયા વિગેરેના નામના ગામનો નમુનો નં.૨ ની નકલ.

(૨) રાજકોટ મહાનગરપાલિકાએ આપેલ બાંધકામ પરવાનગી,આરંભ પ્રમાણપત્ર તથા મંજુર થયેલ બિલ્ડીંગ પ્લાનની નકલ.

(૩) શ્રી કોર્પોરેટ એન્ટરપ્રાઈઝના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારો મોહિત હંસરાજભાઈ પીપળીયા વિગેરે જોગ હોમલેન્ડ ઈન્ફ્રાસ્ટ્રકચરના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારો છગનભાઈ મોહનભાઈ કાકડીયા વિગેરેએ કરી આપેલ વેચાણ દસ્તાવેજ અ.નં.૩૨૦૦ તા.૧૬/૦૩/૨૦૨૩ ની નકલ.

(૪) શ્રી કોર્પોરેટ એન્ટરપ્રાઈઝના નામથી ચાલતી ભાગીદારી પેઢીના રજીસ્ટ્રાર ઓફ ફર્મ્સના ફોર્મ–" જી " ની નકલ.

(૫) શ્રી કોર્પોરેટ એન્ટરપ્રાઈઝના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારી દસ્તાવેજ અ.નં.૨૬૬૩ તા.૦૪/૦૩/૨૦૨૩ ની નકલ.

(૬) હોમલેન્ડ ઈન્ફ્રાસ્ટ્રકચરના નામથી ચાલતી ભાગીદારી પેઢીના બંધારણમાં ફેરફારનો દસ્તાવેજ અ.નં.૧૩૧૩૦ તા.૦૫/૧૨/૨૦૨૨ ની નકલ.

(૭) આસી. ટાઉન પ્લાનર રાજકોટ મહાનગરપાલિકાના પત્ર નં.રા.મ્યુ.કો./ટી.પી./ વેસ્ટ ઝોન/જા.નં.૩૦૮૫ તા.૦૬/૦૧/૨૦૨૨ ની નકલ.

(૮) આસી. ટાઉન પ્લાનર રાજકોટ મહાનગરપાલિકાના જમીન આંકવા/ભાગ કરવાની અરજીની મંજુરી વર્ગીકરણ નં.૦૭ તા.૨૭/૦૪/૨૦૨૧ ની નકલ.

(૯) બિનખેતીના મંજુર થયેલ રીવાઈઝડ લે–આઉટ પ્લાનની નકલ.

(૧૦) રાજકોટ મહાનગરપાલિકા ટાઉન પ્લાનીંગ શાખાના કબજા સોંપવા/લેવા અંગેનું રોજકામ તા.૦૫/૧૨/૨૦૨૦ ની નકલ.

(૧૧) હોમલેન્ડ ઈન્ફ્રાસ્ટ્રકચર ભાગીદારી પેઢીના બંધારણમાં ફેરફારનો દસ્તાવેજ અ.નં.૧૭૪૧ તા.૧૩/૦૩/૨૦૧૮ ની નકલ.

(૧૨) હોમલેન્ડ ઈન્ફ્રાસ્ટ્રકચર ભાગીદારી પેઢીના બંધારણમાં ફેરફારનો દસ્તાવેજ તા.૧૮/૦૨/૨૦૧૨ ની નકલ.

(૧૩) કલેકટર કચેરી, રાજકોટના હુકમ નાં.એન.એ./રીવાઈઝડ પ્લાન/કેસ નં. ૨૦/૧૦–૧૧ તા.૩૦/૧૨/૨૦૧૧ ની નકલ.

(૧૪) હોમલેન્ડ ઈન્ફ્રાસ્ટ્રકચરના નામથી ચાલતી ભાગીદારી પેઢીના તા.૧૭/૧૦/૨૦૧૦ ના ભાગીદારી દસ્તાવેજની નકલ.

(૧૫) કલેકટર કચેરી, રાજકોટના બિનખેતી હુકમ નાં.એનએ–લેરેકોક/૬૫/કેસ નાં. ૨૩૦/૦૭–૦૮ તા.૦૮/૦૭/૨૦૦૮ ની નકલ.

(૧૬) છગનભાઈ મોહનભાઈ કાકડીયા–એચ.યુ.એફ. વિગેરે જોગ હિતેષભાઈ નાનજીભાઈ કોરાટએ કરી આપેલ વેચાણ દસ્તાવેજ અ.નં.૩૮૯૫ તા.૧૩/૦૩/ ૨૦૦૭ ની નકલ.

(૧૭) છગનભાઈ મોહનભાઈ કાકડીયા–એચ.યુ.એફ. વિગેરે જોગ ભરતકુમાર નાનજીભાઈ કોરાટએ કરી આપેલ વેચાણ દસ્તાવેજ અ.નં.૩૮૯૨ તા.૧૩/૦૩/ ૨૦૦૭ ની નકલ.

(૧૮) નાનજીભાઈ ધનજીભાઈ પટેલ જોગ નારણભાઈ મુળજીભાઈએ કરી આપેલ વેચાણ દસ્તાવેજ અ.નં.૭૭૨૮ તા.૧૯/૦૭/૧૯૮૮ ની નકલ.

(૧૯) માપણી શીટ તથા હિસ્સા ફોર્મ નં.૪ ની નકલ.

(૨૦) ટીપ્પણની નકલ.

(૧૯.૭) તમોને વેચાણ આપવામાં આવેલ **શો–રૂમ/ઓફીસ**નો વેચાણ દસ્તાવેજ તમારા ખર્ચે અમારે રજીસ્ટર કરાવી આપવાનો છે. આ દસ્તાવેજ અંગે સ્ટેમ્પની જે કાંઈ જવાબદારી ઉપસ્થિત થાય તેની તમામ પ્રકારની જવાબદારી તમો લેનારને શીરે છે. એવી સ્પષ્ટ સમજુતી સાથે તમારા જોગનો આ વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે.

(૧૯.૮) સદરહુ અમો વેચનાર દ્વારા જયારે રજીસ્ટર્ડ એ.ઓ.પી. (ડીડ ઓફ ડેકલેરેશન)/સર્વીસ સોસાયટીની નોંધણી કરવામાં આવે ત્યારે તે મુજબની શરતો તથા જવાબદારીઓનું અમો **શો–રૂમ/ઓફીસ** ખરીદનાર ફરજીયાત પાલન કરીશું તેનું આથી અમો **શો–રૂમ/ઓફીસ** ખરીદનાર વચન,વિશ્વાસ અને ખાત્રી આપીએ છીએ.

(૧૯.૯) સદરહુ કોમન મેઈન્ટેનન્સમાં લીફટ,કોમન લાઈટીંગ,કોમન ઈલેકટ્રીકનું બીલ,સાફ–સફાઈ,સિકયોરીટી,લીફટમેન,સીડી,પેસેજ,એલીવેશનના કાચની સાફ સફાઈ,પાણીના ટાંકાનું મેઈન્ટેનન્સ,ઈલેકટ્રીક મોટર્સ,પમ્પીંગ મશીન,કલીનીગ મશીન,તેમજ ભવિષ્યમાં બીલ્ડીંગ મેઈન્ટેનન્સ માટે જરૂર પડતા તમામ સાધનોનો સમાવેશ કરવામાં આવે છે.જેમાં દરેક યુનિટ હોલ્ડર્સે ભાગે પડતો ખર્ચ આપવાનો રહેશે ગ્રાઉન્ડ ફલોર તેમજ લીફટ વિગેરેનો વપરાશ ન કરતા યુનિટ હોલ્ડરોએ પણ વરાડે પડતો મેઈન્ટેનન્સ ખર્ચ આપવાનો રહેશે.

(૧૯.૧૦) સદરહુ **શો–રૂમ/ઓફીસ** ખરીદનાર જો કોઈ કંપની કે વ્યકિતને ભાડે અથવા લીઝ પર આપે તો આ બિલ્ડીંગના એસોસીએશનના નિયમો જે તે ભાડે કે લીઝ પર રાખનાર કંપની કે વ્યકિતને લાગુ પડશે તેમજ તે અંગેની મેઈનટેનન્સ વિગેરેની જવાબદારી **શો–રૂમ/ઓફીસ** માલીકની રહેશે.તેમજ તેમણે નીયમોનુ ચુસ્તપણે પાલન કરવાનું છે.

(૧૯.૧૧) સદરહુ **શો–રૂમ/ઓફીસ** ધારકનું પોતાનું સાઈન બોર્ડ નિયત કરેલ જગ્યામાં નિયત કરેલ સાઈઝનું રાખવાનું છે ઈમારતના એલીવેશનની જાળવણી માટે સાઈન બોર્ડની જગ્યા રેગ્યુલારીટી આવશ્યક છે અને ઈમારતની અન્ય કોઈ જગ્યા ઉપર કોઈ લખાણ,બોર્ડ ચિત્રો રાખી શકાશે નહીં તે બાબત એસોસીએશન જે સાઈઝ કે સ્થળ નકકી કરે તે સાઈઝના અને તે જ સ્થળે તમો સાઈન બોર્ડ મુકી શકશો અને આ બાબતે એસોસીએશન જે કાંઈ નીયમો બનાવે તેનું તમારે પાલન કરવાનું છે.

(૧૯.૧૨) સદરહુ **" THE CORPORATE WORLD "** ના નામથી ઓળખાતા વાણીજય હેતુ માટેના બિલ્ડીંગમાં જયારે–જયારે **શો–રૂમ/ઓફીસ**નું વેચાણ થાય ત્યારે તે **શો–રૂમ/ઓફીસ** માલીક તે **શો–રૂમ/ઓફીસ** જે વ્યકિતેને વેચાણ કરે તેના પુરા નામ સાથેનું **" THE CORPORATE WORLD ઓનર્સ એસોસીએશન/સર્વીસ સોસાયટી "** અથવા તો યુનીટ ધારકોની કમીટીનું એન.ઓ.સી. મેળવવાનું ફરજીયાત રહેશે.તેમાં કસુર થયે એસોસીએશન તેની સામે કાયદેસરની કાર્યવાહી કરી શકશે તે તમો ખરીદનારને કબુલ,મંજુર તથા સંમતી આપો છો. ત્યારબાદ જ તે **શો–રૂમ/ ઓફીસ** ટ્રાન્સફર કરી શકશે.

(૧૯.૧૩) **" THE CORPORATE WORLD "** ના નામથી ઓળખાતા વાણીજય હેતુ માટેના બિલ્ડીંગમાં જયારે–જયારે **શો–રૂમ/ઓફીસ**નું વેચાણ કરે ત્યારે તે **શો–રૂમ/ઓફીસ**નું કોઈ લેણુ બાકી નથી તેવુ **" THE CORPORATE WORLD ઓનર્સ એસોસીએશન/સર્વીસ સોસાયટી "**નું એન.ઓ.સી. મેળવવાનુ ફરજીયાત છે.ત્યારબાદ જ તે **શો–રૂમ/ઓફીસ** ટ્રાન્સફર કરી શકશે.

(૧૯.૧૪) **" THE CORPORATE WORLD "**ના નામથી ઓળખાતા વાણીજય હેતુ માટેના બિલ્ડીંગમાં તમો **શો–રૂમ/ઓફીસ** ખરીદનારએ એરકંડીશન કે અન્ય મશીનો,શુ–રેક કોઈને અડચણ કે નડતરરૂપ થાય તે રીતે રાખવાના નથી તેમજ કોમન પેસેજમાં મુકવાના નથી તેમજ એરકંડીશનની ગરમ હવા તથા પાણી પેસેજ,સીડી કે કોમન ચાલમાં ન ફેંકાય તે રીતે મુકવાના છે.

(૧૯.૧૫) **" THE CORPORATE WORLD "** ના નામથી ઓળખાતા વાણીજય હેતુ માટેના બિલ્ડીંગમાં સમગ્ર બીલ્ડીંગની ખુલ્લી જગ્યા,કોમન પેસેજ,સીડી,પાર્કીંગ વિગેરેનો ઉપયોગ હલન,ચલન તથા વાહન પાર્ક કરવા પુરતો જ કરવાનો રહેશે.તેમજ આવી જગ્યામાં તમો ખરીદનારે કોઈ માલસામાન રાખવાનો નથી તથા અન્ય કોઈ આડશ કે અડચણ ઉભા કરવાના નથી.

(૧૯.૧૬) સદરહુ **" THE CORPORATE WORLD "** ના નામથી ઓળખાતા વાણીજય હેતુ માટેના બિલ્ડીંગમાં આવેલ **શો–રૂમ/ઓફીસ** ધારકો અંદરના ભાગમાં કોઈપણ ફેરફાર સમગ્ર ઈમારતને નુકશાન ન થાય તે રીતે તમારે રાજકોટ મહાનગરપાલીકાના બાંધકામના નિયમો અનુસાર જરૂરી મંજુરી મેળવી ફેરફાર કરવાનો રહેશે.આ જાતના ફેરફાર કરતી વખતે આજુબાજુની દિવાલોને કે ઈમારતને નુકશાન ન થાય તે રીતે બાંધકામ કે ફેરફાર કરવાનું રહેશે.આ જાતના બાંધકામ અંગેની સંપૂર્ણ જવાબદારી તમારી રહેશે અને તે અંગેનું તમામ ખર્ચ તમારે ભોગવવાનું રહેશે.

(૧૯.૧૭) સદરહુ **" THE CORPORATE WORLD "** ના નામથી ઓળખાતા વાણીજય હેતુ માટેના બિલ્ડીંગમાં આવેલ **શો–રૂમ/ઓફીસ** ધારકો હોલ્ડરોએ પોતાની **શો–રૂમ/ઓફીસ**નો કચરો નીયત સ્થળ સિવાય કોઈ કોમન પેસેજમાં કે પાર્કીંગની જગ્યામાં કે

કંમ્પાઉન્ડમાં કે અન્ય યુનીટ હોલ્ડરોને અડચણ કે ગદકી કે ન્યુસન્સ થાય તે રીતે જયાં ત્યાં ફેકવાનો નથી.તેમજ તેવો કચરો,નિયત સ્થળ સિવાય અન્ય કોઈ જગ્યાએ નાખવાનો નથી.

(૧૯.૧૮) સદરહુ **શો–રૂમ/ઓફીસ** ખરીદનારાઓ કોઈપણ જાતની હેવી મશીનરી અને વાઈબ્રેશન થાય અને ઘોંઘાટ થાય તેવા મશીન અને મશીનરી ફીટ કરવાનાં નથી તથા ભારે વજનદાર તથા નીચેનાં આર.સી.સી. સ્લેબને નુકશાન કરી શકે તેવાં વજનદાર માલ–સામાન ભરવાના નથી તેમજ સદરહુ **શો–રૂમ/ઓફીસ** વેપાર ધંધા માટે જ આપવામાં આવશે જેમાં ઓટો ગેરેજ,લોટરીનો વેપાર કે કોઈપણ પ્રકારના આટા ચકકી કે આ પ્રકારના વેપારો કે ચાની કેન્ટીન/હોટલ કે પાન–બિડીની/ખાણીપીણીની દુકાન/હોટલ/રેસ્ટોરન્ટ કરવા માટે ભાડે લીઝથી અગર વેચાણ વિગેરેથી અન્યને જગ્યા સોંપવાની નથી આ સિવાય સદરહુ **શો–રૂમ/ઓફીસ**માં ગેરકાયદેસર ધંધો તેમજ દારુગોળા,ફટાકડા તથા સળગી ઉઠે તેવા જોખમી ધંધા કરવાનાં નથી અથવા તેવા ધંધાદારી માટે આ **શો–રૂમ/ઓફીસ** ભવિષ્યમાં અન્યને વેચાણ કરવાની નથી તેમજ ભાડેથી/લીઝથી આપવાની નથી તથા **શો–રૂમ/ઓફીસ**માં કોઈ જગ્યાએ બાકોરૂ પાડી એ.સી. કે બારીઓ મુકવાની નથી જે **શો–રૂમ/ઓફીસ** ખરીદનારના વંશ,વારસ,વાલીને, એસાઈનીઓને તથા ભાડુઆત વિગેરેને બંધનકર્તા રહેશે.આ ખાત્રીનો ભંગ કરનાર સામે એસોસીએશન/સોસાયટી યોગ્ય લાગે તે પગલાં લઈ શકશે અને આ બાબત સાથે તમો લખાવી લેનાર એટલે કે ખરીદનાર આથી બાંહેધરી તથા સંમતી આપે છે.

(૧૯.૧૯) સદરહુ **શો–રૂમ/ઓફીસ**નો વેચાણ દસ્તાવેજ કરી આપવા શ્રી કોર્પોરેટ એન્ટરપ્રાઈઝના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારોએ રજીસ્ટર્ડ અ.નં.૨૬૬૩ તા.૦૪/૦૩/૨૦૨૩ ના ભાગીદારી દસ્તાવેજમાં અમો સહી કરનારને જે સત્તા અને અધીકારો અધીકૃત કરેલ છે તે આજની તારીખે અમલમાં છે અને તેમાં જણાવેલ ભાગીદારો આજની તારીખે હયાત છે તેની ખાત્રી આપીને જ તમારા જોગનો આ વેચાણ દસ્તાવેજ કરી આપીએ છીએ.

(૧૯.૨૦) આ વેચાણ દસ્તાવેજનું ડ્રાફ્ટીંગ તમો ખરીદનાર તથા અમો વેચનાર બન્ને દ્વારા આપવામાં આવેલ માહિતી તથા મૌખીક–લેખીત સુચના મુજબ જ તથા વેચનાર દ્વારા આપવામાં ફાઈલ ઉપરથી તૈયાર કરવામાં આવેલ છે. તેમાં લખેલ વિગતો તમો ખરીદનાર તથા અમો વેચનાર દ્વારા આપવામાં આવેલ છે. જે તમો ખરીદનાર તથા અમો વેચનાર બન્નેએ વાંચેલ છે.જે બરાબર અને સાચી છે.જેમાં તમો ખરીદનાર તથા અમો વેચનારની સંમતિ છે. જે તમો ખરીદનાર તથા અમો વેચનારને કબુલ, મંજુર તથા બંધનકર્તા છે અને રહેશે. જેમાં ડ્રાફ્ટીંગ કરનારની કોઈપણ પ્રકારની જવાબદારી રહેશે નહીં. જેનું આથી તમો ખરીદનાર તથા અમો વેચનાર વચન,વિશ્વાસ,ખાત્રી અને બાંહેધરી આપીએ છીએ.

(૧૯.૨૧) સદરહુ તમોને વેચાણ આપેલ **શો–રૂમ/ઓફીસ**ના દસ્તાવેજમાં જો કોઈ ટાઈપ મિસ્ટેક કે ખરી માહીતીના અભાવે થઈ ગયેલી ભુલ કે શરતચુકથી થયેલ ભુલ અંગે આ મિલ્કતના ઉતરોતર દસ્તાવેજો,રેવન્યુ રેકર્ડ તથા સરકારશ્રીના હુકમોને અનુસરશે અને થઈ

ગયેલ ભુલ કે ક્ષતિ માટે તમો કહેશો ત્યારે તે અંગેનો ચુક સુધારાનો દસ્તાવેજ કરી આપવાની ખાત્રી આપીએ છીએ. ઉપરોકત તમામ હકીકતો તથા મજકુરો તથા જે જે ખાત્રીઓ આપી છે. તે મુજબ સર્વે કાર્યવાહી કરવા આથી અમો ખાત્રી અને બાંહેધરી આપીએ છીએ.

(૧૯.૨૨)સદરહુ આ પ્રોજેકટમાં જે કાંઈપણ કોમન એરીયા તથા એમીનીટીઝ આવેલ છે તેના તમામ હકકો અને અધીકારો અમો વેચનારએ એસોસીએશન/સર્વીસ સોસાયટીને સોંપી આપવાના રહેશે.

(૧૯.૨૩) આ ડીડ હેઠળની કોઈ જોગવાઈ આ કાયદા અથવા તે હેઠળ નિયમો અથવા નિયમન અથવા કોઈપણ લાગુ પડતા કાયદા હેઠળ રદપાત્ર હોય અથવા લાગુ પડી શકે તેમ ન હોય તો ડીડની જોગવાઈઓ આ ડીડના હેતુ માટે વ્યાજબી રીતે અસંગત હોય તેટલે સુધી સુધારેલ અથવા રદ થયેલ સમજવામા આવશે તથા કાયદા, નિયમ તથા નિયમનને સુસંગત હોય તેટલે સુધી આ ડીડની અન્ય જોગવાઈઓ માન્ય રહેશે અને ડીડ સહી કરતી વખતે જે રીતે લાગુ પડવા પાત્ર હોય તે રીતે યોગ્ય રીતે અમલી રહેશે.

(૧૯.૨૪) પ્રમોટરની નોટીસ મળ્યાના ૧૫ દિવસમાં એલોટી દ્વારા **શો–રૂમ/ઓફીસ**નો કબજો સંભાળવામાં આવશે અને તે પ્રમોટરને જાણ કરશે કે **શો–રૂમ/ઓફીસ** ઉપયોગમાં લઈ શકાય તેવી કંડીશન ધરાવે છે અને પોતે કબજો મેળવી લીધેલ છે.

(૧૯.૨૫) એલોટીને **શો–રૂમ/ઓફીસ**નો કબજો સોંપી આપ્યા પછી ૫ (પાંચ) વર્ષ દરમ્યાન બિલ્ડીંગ કે **શો–રૂમ/ઓફીસ**માં કોઈ સ્ટ્રકચરલ ડીફેકટ જણાય કે કામગીરીની ગુણવત્તા નબળી જણાય અથવા સર્વીસ ફેસેલીટીઝ નબળી જણાય તેવા કિસ્સામાં તે બાબતો પ્રમોટરના ધ્યાન ઉપર લાવશે અને આવી ડીફેકટસ પ્રમોટર સુધારી આપશે.અને તે અંગેનુ ખર્ચ પોતે પ્રમોટર ભોગવશે અને જો આવી ડીફેકટ (નુકશાન કે અધુરાશ) પુર્તતા કરી આપવી પ્રમોટર માટે શકય ન બને તો, એગ્રીમેન્ટની શરત મુજબ સબંધીત ડીફેકટને કારણે એલોટીને સહન કરવુ પડે તેવા નુકશાન (ની રકમ રૂપીયામાં) પ્રમોટર પાસેથી વસુલ કરી શકાશે.પ્રમોટરના કાબુ બહારના સંજોગોને કારણે અથવા તો (સંજોગો અને કરારની શરતો મુજબ) સ્ટ્રકચરલ ડીફેકટ અથવા વર્કમેનશીપ નબળી હોવાના કારણે ઉદભવેલ નુકશાનની વસુલાત માટે પ્રમોટર ઉપર આરોપ મુકી શકાશે નહી.

(૧૯.૨૬) DISPUTE RESOLUTION /વિવાદનો ઉકેલ :– આ કરારની બોલીઓ તથા શરત સંબંધી તથા તેને લગતી અથવા તેમાંથી ઉત્પન્ન થનાર તમામ વિવાદ જેમા અર્થઘટન, શરતોની માન્યતા તથા સબંધીત પક્ષકારોના હકક તથા જવાબદારીઓ વિગેરે... બાબત અરસ–પરસ સંમતિથી ઉકેલવામા આવશે તથા તેમા નિષ્ફળ નિવડે ત્યારે રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન અને ડેવલપમેન્ટ) એકટ, ૨૦૧૬ તથા તે હેઠળ નિયમો તથા નિયમન હેઠળ નિમવામા આવેલ નિવેડા અધિકારી દ્વારા નિકાલ કરવામા આવશે.

(૧૯.૨૭) સદરહું પ્રોજેકટનું બી.યુ. પરમીશન મેળવ્યા બાદ વધારાની એફ.એસ.આઈ.,કોમન એરીયા તથા ધાબાનો હકક હિસ્સો પ્રમોટરનો રહેશે નહી તેનો તમામ હકક સોસાયટી કે એસોસીએશન નો રહેશે.

(૧૯.૨૮) **SEVERABILITY :–** આ કરાર હેઠળની કોઈ જોગવાઈ આ કાયદા અથવા તે હેઠળ નિયમો અથવા નિયમન અથવા કોઈપણ લાગુ પડતા કાયદા હેઠળ રદપાત્ર હોય અથવા લાગુ પડી શકે તેમ ન હોય તો કરારની તે જોગવાઈઓ આ કરારના હેતુ માટે વ્યાજબી રીતે અસંગત હોય તેટલે સુધી સુધારેલ અથવા રદ થયેલ સમજવામા આવશે તથા કાયદા,નિયમ તથા નિયમનને સુસંગત હોય તેટલે સુધી આ કરારની અન્ય જોગવાઈઓ માન્ય રહેશે અને કરાર સહી કરતી વખતે જે રીતે લાગુ પડવા પાત્ર હોય તે રીતે યોગ્ય રીતે અમલી રહેશે.

(૧૯.૨૯) સદરહુ બિલ્ડીગમાં આવેલ ઉપરોકત રચેલ ઓનર્સના એશોશીએશન/સર્વીસ સોસાયટીને યોજનાના કોમન એરીયા,સામુહીક ક્ષેત્રો અને સહીયારી સુવિધાઓનો સંપુર્ણ અને પ્રત્યક્ષ કબજો પુર્ણતા પ્રમાણપત્ર (Completion Certificate)/કબજા પ્રમાણપત્ર (Occupancy Certificate) આવ્યાના માસ–૦૩(ત્રણ)ની અંદર સોંપી આપવાના છે અને મીલ્કતના જરૂરી લેખ દસ્તાવેજો અને બાંધકામ પરવાનગી,બાંધકામ પ્લાન,સ્થાનીક સતાધીશોના પરવાના,જમીનની માલીકી દર્શાવતા તમામ લેખ,દસ્તાવેજો વિગેરે ઓનર્સ એસોસીએશન/ સોસાયટીને સોંપી તે સાથે સોપી આપવાના છે.જે ઓનર્સ એસોસીએશન/સોસાયટી પાસે રહેશે અને જરૂર પડયે તમો ખરીદનારને બતાવવાના રહેશે.

–:: શેડયુલ–એ ::–

ગુજરાત રાજયના,રજિસ્ટ્રેશન ડિસ્ટ્રિકટ રાજકોટના, સબ ડિસ્ટ્રીકટ રાજકોટના રાજકોટ શહેર (દક્ષિણ) તાલુકાના ગામ **મવડી–૩** ના રેવન્યુ **સર્વે નં.૪૧૨/પૈકી ૨ પૈકી ૧** તથા **૪૧૨/ પૈકી ૩ પૈકી ૧, ટી.પી. સ્કીમ નં.૨૬ (મવડી), એફ.પી. નં.૮૪/૧ તથા ૮૪/૨** ની બિનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનના પ્લોટસ પૈકી **સિંગલ યુનિટ–૪** ની જમીન **ચોરસ મીટર આ.૧૪૭૪.૫૬** તથા (**કોમન પ્લોટ**ની જમીન **ચોરસ મીટર આ.૨૨૨.૪૦ ના એફ.એસ.આઈ. સહિતના તમામ હકકો અને અધિકારો સહિત**) તથા **સિંગલ યુનિટ–૫** ની જમીન **ચોરસ મીટર આ.૧૨૦૦.૧૭** તથા (**કોમન પ્લોટ**ની જમીન **ચોરસ મીટર આ.૨૦૦.૦૦ ના એફ.એસ.આઈ. સહિતના તમામ હકકો અને અધિકારો સહિત**) ઉપર બાંધવામાં આવેલ **" THE CORPORATE WORLD "** ના નામથી ઓળખાતા વાણીજય હેતુ માટેના બિલ્ડીગની ચર્તુઃસીમાં નીચે મુજબ છે.

ઉત્તરે :– લાગુ સિંગલ યુનિટ–૩ આવેલ છે.

દક્ષિણે :– લાગુ સર્વે નં.૧૯૪/પૈકી આવેલ છે.

પુર્વે :– ૨૪.૦૦ મીટરનો ટી.પી. રોડ આવેલ છે.

પશ્ચિમે:– લાગુ એફ.પી. નં.૪૯/૨ આવેલ છે.

<u>–:: શેડયુલ–બી ::–</u>

સદરહુ **" THE CORPORATE WORLD "** ના નામથી ઓળખાતા વાણીજય હેતુ માટેના બિલ્ડીગમાં **............ ફલોર** ઉપર આવેલ **શો–રૂમ/ઓફીસ નં..........** જેનો **બિલ્ટઅપ એરીયા ચોરસ મીટર આ............... અને કારપેટ એરીયા ચોરસ મીટર આ............ તથા લાગુ ટેરેસ જેનો કારપેટ એરીયા ચોરસ મીટર આ..................** તથા **<u>શો–રૂમ/ઓફીસનો ભાગ બનતી સમગ્ર પરીયોજનાની વણવહેંચાયેલ કુલ જમીનમાં વરાડે પડતી જમીન ચોરસ મીટર આ............. ના હક્કો તથા મઝયારા વિસ્તાર અને બિલ્ડીંગ હદ વિસ્તારમાં આવેલી સહાયક સુવિધાઓના વરાડે પડતા હબબો સહીતનો શો–રૂમ/ઓફીસ</u>** છે.તેની ચર્તુ:સીમા નીચે મુજબ છે.

ઉત્તરે :–
દક્ષિણે :–
પુર્વે :–
પશ્ચિમે:–

<u>–:: શેડયુલ–સી ::–</u>

(બિલ્ડીંગની વિગત વર્ણનો અને સુવિધાઓ–Specification & Amenities)

સદરહુ **" THE CORPORATE WORLD "** ના નામથી ઓળખાતા વાણીજય હેતુ માટેના હાઈરાઈઝ બિલ્ડીંગમાં દરેક વાણીજય હેતુ માટેના **શો–રૂમ/ઓફીસ** ઓનર્સએ ભોગવવાની સહીયારા ક્ષેત્રો અને સહીયારી સુવીધાઓ નીચે મુજબ છે અને રહેશે આ ખતમાં ઉપરોકત વર્ણવેલ મિલ્કત તથા કોમન પેસેજ તથા મંજુર થયેલ બિલ્ડીગ પ્લાન મુજબ પાર્કીગની સુવીધાઓ તથા ગ્રાઉન્ડ ફલોરમાં પાર્કિંગ,અંડરગ્રાઉન્ડ વોટર સ્ટોરેજ ટેંક,ઓવરહેડ વોટર સ્ટોરેજ ટેંક,લીફટ, ફાયર સિસ્ટમ,બોર,સબમર્સીબલ પમ્પ,સંપ,કુંડીઓ,ગંદા પાણીના નિકાલની આઉટલેટ પાઈપ લાઈન,કોમન ઈલેકટ્રીક ફીટીંગ તથા કોમન સીડી,અંડરગ્રાઉન્ડ સેલર પાર્કિંગ, પ્રેશર પમ્પ્સ,સિકયોરીટી કેબીન,ઈલેકટ્રીક રૂમ,સીસીટીવી કેમેરા વિગેરે કોમન સુવીધાઓ છે અને રહેશે.

સદરહુ વાણીજય હેતુ માટેના **શો–રૂમ/ઓફીસ**માં તમામ પ્રકારનો માલ સામાન પ્રમાણભુત ગુણવતા **(Standard)** પ્રમાણેનો ઉપયોગ થશે જેમાં,

(૧) બાંધકામ :– આર.સી.સી ફ્રેમ સ્ટ્રકચર.
(ર) દરવાજા :– શો–રૂમમાં શટર/ઓફીસમાં આકર્ષક મેઈન ડોર.
(૩) બારી :– ઓફીસમાં એલ્યુમીનીયમ સેકશન અથવા યુ.પી.વી.સી. સેકશન સ્ટાન્ડર્ડ કંપનીનું.
(૪) ફલોરીંગ :– વીટ્રીફાઈડ ટાઈલ્સ <u>તથા</u> અગાશીમાં ટાઈલ્સ.
(પ) બાથરૂમ :– એટેચ બાથમાં લીન્ટલ લેવલ સુધી ગ્લેઝ ટાઈલ્સ <u>તથા</u> સેનેટરીવેર્સ– ઉચ્ચ ગુણવત્તાવાળા <u>તથા</u> બાથરૂમ ફીટીંગ્સ– ઉચ્ચ ગુણવત્તાવાળા.

(૬) ઈલેકટ્રીક :– કન્સીલ્ડ કોપર વાયરીંગ તથા મોડયુલર સ્વીચ,એ.સી.વિગેરે પોઈન્ટ.
(૭) પ્લમ્બીંગ :– સી.પી.વી.સી. તથા યુ.પી.વી.સી. તથા પી.વી.સી. પાઈપ
(૮) એલીવેશનમાં એક્રેલીક પેઈન્ટ,કોમન એરીયામાં પેઈન્ટ,અંદરની દિવાલોમાં પુટી ફીનીશ,
(૯) લાઈટ કનેકશન,ભુગર્ભ ગટર.

ઉપર મુજબની સહીયારી સુવિધાઓ અવિભાજીત છે." **THE CORPORATE WORLD "** ના નામથી ઓળખાતા વાણીજય હેતુ માટેના બિલ્ડીંગમાં માલીકી ધોરણે **શો–રૂમ/ઓફીસ** ખરીદ કરનારને આ સુવિધાઓ સભ્ય દરજજે પ્રાપ્ત થશે.**શો–રૂમ/ઓફીસ** હોલ્ડરોએ સહીયારી સુવિધાઓનાં ઉપયોગનાં અધિકારોમાં અરસ–પરસ અટકાયત કે અવરોધ કરવાના નથી અને સંપુર્ણ સાથ સહકારથી સહીયારી સુવિધાનો ઉપયોગ કરવાનો છે.

અમો સદરહું **શો–રૂમ/ઓફીસ**ના ખરીદનારએ એસોસીએશન/સર્વીસ સોસાયટીના સભ્ય થવાનું સ્વિકારીએ છીએ અને જાહેર કરીએ છીએ કે, અમોએ આ વેચાણ દસ્તાવેજની તમામ નિયમો અને શરતો અમારી ખુદ શુદ્ધ બુધ્ધિ,સંપુર્ણ સભાન અવસ્થામાં,કોઈપણ દબાણ કે જબરદસ્તી વીના વાંચેલ અને સમજેલ છે તથા તમામ નિયમો અને શરતોનું પાલન કરવાનું રહેશે.

ઉપર મુજબનો **શો–રૂમ/ઓફીસ**નો વેચાણ દસ્તાવેજ અમોએ અમારી રાજી ખુશીથી, જીવ કાયમ રાખી, કોઈ પણ જાતના દબાણ વિનાં,શુધ્ધબુધ્ધિથી,બીનકેફે,અક્કલ હોંશીયારીથી, વાંચી,વંચાવી સમજીને કરી આપેલ છે.જે અમોને તથા અમારા વંશ વારસો વાલી વેરે કબુલ મંજુર બંધનકર્તા છે.જેની ખાત્રી બદલ આ નીચે અમોએ સહીઓ કરી શાખો કરાવી આપેલ છે.

સ્થળ ::– રાજકોટ.
તારીખ ::– – – ૨૦૨૩.
અત્ર...મતુ અત્ર...શાખ

.... (૧)..

નં........ તે શ્રી કોર્પોરેટ એન્ટરપ્રાઈઝ
ના નામથી ચાલતી ભાગીદારી પેઢીના
અધીકૃત વહીવટકર્તા ભાગીદાર દરજજે
તથા અન્ય ભાગીદારો વતી (૨)..
(તે વેચનાર)

<u>મુંબઈ નોંધણી અધિનિયમ, ૧૯૦૮ ની કલમ–૩૨(એ) મુજબનું પરિશિષ્ટ</u>

....

નં........ તે શ્રી કોર્પોરેટ એન્ટરપ્રાઈઝ
ના નામથી ચાલતી ભાગીદારી પેઢીના
અધીકૃત વહીવટકર્તા ભાગીદાર દરજજે
તથા અન્ય ભાગીદારો વતી
(તે વેચનાર)

....

(ખરીદનાર)